Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

## Shri Atmanand Prakash

પુસ્તક ૫૧ મું. | આત્મ સં. ૫૮ | સંવત ૨૦૧૦.

અંક ૧૦ મો. | પ્રકાશન તા. ૧૫-૫-૫૪ | વૈશાક.

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧. સામાન્ય જિન સ્તવન ... ... ... | ( લે. પં. શ્રી દક્ષવિજયજી મ૦ ) | ૧૪૫ |
| ૨. પ્રભુપ્રેમ ... ... ... ... | ... ( લે. અમરચંદ માવજી શાહ ) | ૧૪૬ |
| ૩. અઢારમા શ્રી જશોધરજિન સ્તવન ... ... | ( લે. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૧૪૭ |
| ૪. સોળ સતીનો છંદ ... ... | ...( લે. પ્રો. હીરાલાલ રસિકદાસ એમ. એ. ) | ૧૪૮ |
| ૫. સંસારની ભીષણતા ... ... ... | ( લે. મુનિશ્રી મહાપ્રભવિજયજી ) | ૧૫૦ |
| ૬. ધર્મ કૌશલ્ય ... ... ... ... ... | ... ( લે. સ્વ. મૌક્તિક ) | ૧૫૨ |
| ૭. સાધુ જીવની મહત્તા ... ... ... ... | ( લે. મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૫૩ |
| ૮. સોનેરી સુવાક્યો ... ... ... ... | ... ( લે. અચ્છાબાબા ) | ૧૫૫ |
| ૯. સુભાષિત સંગ્રહ ... ... ... ... ... | ... ( સુધાકર ) | ૧૫૬ |
| ૧૦. સ્વીકાર સમાલોચના ... ... ... ... ... | ... ( સભા ) | ૧૫૯ |
| ૧૧. વર્તમાન સમાચાર ... ... ... ... ... | ... ( સભા ) | ૧૬૦ |


## નમ્ર સૂચના.

આત્માનંદ પ્રકાશ માટે લેખકોએ મોકલેલ ઘણી કવિતાઓ અમારી પાસે પડી છે, તેથી કોઇ પણ લેખકોએ કવિતાઓ હાલ મોકલવી નહિ: કેટલીક કવિતાઓ તથા લેખો મેળ વગરના નીરસ આવે છે, તેવા દાખલ કરવામાં આવતા નથી, તેમજ કઇ કવિતા કે લેખ લેવો અને કયો ન લેવો તે તંત્રી મંડલ નિર્ણય કરે છે. તેમજ લેખ કે કવિતા પાછી મોકલવામાં આવતી નથી. તંત્રી મંડલ

( શ્રી આત્માનંદ પ્રકાશ )

---

## નમ્ર સુચના.

બૃહત્કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલા ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અને બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાન ભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા ભાગો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે; જેથી જોવે તેમણે મંગાવવા નમ્ર સચના છે. કિંમત ૩-૪-૫ દરેક ભાગના દશ દશ રૂપીયા સાડી અને છઠ્ઠા ભાગના સોળ રૂપીયા (પોસ્ટેજ જુદું)

---


**તૈયાર છે.** **અનેકાન્તવાદ (અંગ્રેજી ભાષામાં)** **જલદી મંગાવો**

લેખકઃ-હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ.

ઉપરોક્ત ગ્રંથ ઉંચા પેપર, અંગ્રેજી સુંદર ટાઇપ તેમજ પાકા બાઇન્ડીંગ સાથે તૈયાર છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

શ્રી સસ્તુ સાહિત્ય કમીટી

અંતર્ગત શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૮૦. વૈશાક–મે પુસ્તક ૫૧ મું.

વિક્રમ સં. ૨૦૧૦. અંક ૧૦ મો.


## સામાન્ય જિન સ્તવન.

( હાંરે સુનો મહાવીર ભગવાન રે—એ રાહ. )

હાંરે સુનો જિનવર દેવ રે, તમારી સેવ રે;
હું તો ચાહું રોજ રંગથી. ( ૧ )
હાંરે વ્હાલા ! નમું નિત્યમેવ રે,
દેવાધિદેવ રે; હું તો૦ ( ૨ )
હાંરે તમે હૈયાના હાર રે,
જીવન આધાર રે; હું તો૦ ( ૩ )
હાંરે પ્યારા ! અનાથ નાથ રે,
આપોને સાથ રે; હું તો૦ ( ૪ )
હાંરે નેમિ-લાવણ્ય-દક્ષ રે, માંગે તુજ પક્ષ રે;
લેવા શિવ લક્ષ રે. હું તો૦ ( ૫ )

પં શ્રી દક્ષવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુપ્રેમ

( રાગઃ—ઋષભજિણંદ શું પ્રીતડી. )

પ્રભુ તારી પ્રીતિ શું કામની ? જો રાખે નહિં તુજ સંગ રે;
પ્રિત કરી મેં શું નામની, ખોટો ચડાવ્યો ભક્તિનો રંગ રે. પ્રભુ૦ ટેક૦ ૧

અસંગીતણો સંગ શું, જેહ પ્રીતિનો કરે ભંગ રે;
પ્રીત નભે સમ સંગીની, આમાં પ્રેમનો દેખું ન ઢંગ રે. પ્રભુ૦ ૨

ન્યારો વસે તું નિજરૂપે, અને હું વસું સંસારની માય રે;
છેટું પડયું મારે અતિ ઘણું, કયાંથી પ્રેમના તાર સંધાય રે ? પ્રભુ૦ ૩

કર્મના પહાડ ઊંચા ઘણાં, કેમ ઓળંગીને અવાય રે ?
અજ્ઞાન ગાઢ અંધકારમાં, નહિં કોઇ માર્ગ દેખાય રે. પ્રભુ૦ ૪

સંસાર—સમુદ્ર વિકટતા, કેમ તરી પાર પહોંચાય રે ?
પુદ્ગલ કર્મના ભારમાં, નહિં તરવા શકિત જણાય રે. પ્રભુ૦ ૫

છતાં પ્રભુ પ્રેમ તાહરો, કેમે કરી ન વિસરાય રે ?
નિશ્ચય દર્શન જ્ઞાનથી, સમસંગી તું જણાય રે. પ્રભુ૦ ૬

પ્રીતિ કરી મેં વિચારીને, અને થયો છું તુજ ગુણ લીન રે;
પરમ પ્રભુના પ્રેમમાં, હું તો વિરહથી થયો દિન રે. પ્રભુ૦ ૭

અવિચળ પ્રેમ છે તાહરો, તેથી જોડ્યા પ્રેમના તાર રે;
તુજ પ્રજ્ઞાના પ્રભાવથી, નહિં પહોંચતા લાગે વાર રે. પ્રભુ૦ ૮

કર્મ અંધકારને ભેદીને, હું પ્રગટાવું નિજ જ્ઞાન રે;
દર્શન—શુદ્ધિની સ્હાયથી, સ્થિરતા ધરી નિજ ધ્યાન રે. પ્રભુ૦ ૯

પ્રીતની રીત સંભાળજો, અને પ્રેમથી રાખજો પાસ રે;
અજર 'અમર' સ્વરૂપમાં, કમર ચિદાનંદ વિલાસ રે. પ્રભુ૦ ૧૦

અમરચંદ માવજી શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે
# અઢારમા શ્રી જશોધર જિનરાજનું સ્તવન

( સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી )

વદન પર વારિ હો જશોધર વદન પર વારિ હો ।
મોહ રહિત મોહન જયાકો ઉપશમ રસ કયારિ હો, અહો
ઉપશમ કયારિ હો ॥ વ૦ ॥ ૧ ॥

**સ્પષ્ટાર્થઃ**—હે જશોધર સ્વામી! શરદ પૂનમના ચંદ્રમા સમાન તમારા વદનકમળની બલિહારી પર વારી જાઉં–મોહન જયા માતાને આનંદ આપનારા, મોહને જીતેલા ભવિ જીવોના હૃદયકમલમાં ઉપશમ રસ સિંચવાવાળા પોતે ઉપશમ રસના કયારા છો ॥ ૧ ॥

મોહ જીવ લોહ કો કંચન, કરવે પારસ ભારિ હો ।
સમકિત સુરતરુ ઉપવન સિંચન, વર પુષ્કર જલધારિ હો
॥ અહો ॥ વ૦ ॥ ૨ ॥

**સ્પષ્ટાર્થ**:—મારા સરખા મોહી જીવ લોહ સરખાને કંચન કરવા માટે તમે પરમ પારસ છો એટલે અજ્ઞાન, મિથ્યાત્વ, કલેશરૂપ કીટ મટાવી આત્મ શુદ્ધતારૂપ સુવર્ણ કરવાવાળા છો–સમકિતરૂપ કલ્પવૃક્ષના બાગને સીંચવા પ્રધાન પુષ્કરાવર્ત મેઘની ધારા સમાન છો એટલે તમારા વદનકમલથી શુદ્ધ તત્વામૃત અખંડ ધારાએ વરસે છે ॥ ૨ ॥

સર્વ પ્રદેશ પ્રગટ સમ ગુણથી, પ્રવૃતિ અનંત અપહારી હો ।
પરમ ગુણી સેવનથે સેવક, અપ્રશસ્તતા વારી હો
॥ અહો ॥ વ૦ ॥ ૩ ॥

**સ્પષ્ટાર્થ**:—પ્રભુજીને સકળ પ્રદેશે અનંતા ગુણો શુદ્ધ અને અનંત પર્યાયો પૂર્ણ પ્રગટ થયા તેથી વિભાવ પ્રવૃત્તિ અનંતી નાશ કરી, એવા પરમ ગુણીની આજ્ઞા સેવવાવાળા સેવકે સકલ અપ્રશસ્તતા નિવારી છે, એટલે પ્રભુની સેવા કરનાર ભવિ જીવની આત્મવિરુદ્ધતા અનંતી ટલી ॥ ૩ ॥

પરપરિણતિ રુચી રમણગ્રહણતા, દોષ અનાદિ નિવારી હો ।
દેવચંદ્ર પ્રભુ સેવન ધ્યાને, આતમશકિત સમારી હો ॥
॥ અહો ॥ વ૦ ॥ ૪ ॥

**સ્પષ્ટાર્થ**:—એ પ્રભુની સેવાથી પુદ્ગલપરિણતિની રુચિ, રમણ અને ગ્રહણતાની ટેવરૂપ અનાદિનો દોષ નિવારી નિજ શુદ્ધ પરિણતિની રૂચિ, રમણ અને ગ્રહણ કર્યું. દેવચંદ્ર મુનિ કહે છે કે જે જીવે પ્રભુ આજ્ઞા સેવવામાં અખંડ ધ્યાન રાખ્યું તેણે પોતાની શુદ્ધાત્મ પરમ શકિત સંભાળી લીધી. ॥ ૪ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોળ સતીનો છંદ

(લેખકઃ-શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

(પૃષ્ઠ થી ચાલુ)

(૧) સુલસા, (૨) ચંદનબાલા, (૩) મનોરમા, (૪) મદનરેખા, (૫) દમયંતી, (૬) નર્મદાસુંદરી, (૭) સીતા, (૮) નંદા, (૯) ભદ્રા, (૧૦) સુભદ્રા, (૧૧) રાજીમતી (૧૨) ઋષિદત્તા, (૧૩) પદ્માવતી, (૧૪) અંજનાસુંદરી, (૧૫) શ્રીદેવી, (૧૬) જયેષ્ઠા, (૧૭) સુજયેષ્ઠા, (૧૮) મૃગાવતી, (૧૯) પ્રભાવતી, (૨૦) ચેલ્લણા, (૨૧) બ્રાહ્મી, (૨૨) સુંદરી, (૨૩) રૂકિમણી, (૨૪) રેવતી, (૨૫) કુંતી, (૨૬) શિવા, (૨૭) જયંતી, (૨૮) દેવકી, (૨૯) દ્રૌપદી, (૩૦) ધારિણી, (૩૧) કલાવતી, (૩૨) પુષ્પચૂલા, (૩૩) પદ્માવતી, (૩૪) ગૌરી (૩૫) ગાંધારી, (૩૬) લક્ષ્મણા, (૩૭) સુસીમા, (૩૮) જંબૂવતી, (૩૯) સત્યભામા, (૪૦) રૂકિમણી, (૪૧) યક્ષા, (૪૨) યક્ષદત્તા, (૪૩) ભૂતા, (૪૪) ભૂતદત્તા, (૪૫) સેના, (૪૬) વેના અને (૪૭) રેણા.

આ ૪૭ સતીઓમાં પદ્માવતીથી માંડીને રૂકિમણી સુધીની આઠ (૩૩-૪૦) સતીઓ 'વાસુદેવ' કૃષ્ણની આઠ પટરાણી છે. એવી રીતે યક્ષાથી રેણા એ સાત (૪૧-૪૭) સતીઓ તે 'સંયમમૂર્તિ' સ્થૂલભદ્રની બેનો છે. આ પંદર સતીઓમાંથી પદ્માવતીનો જ ઉલ્લેખ "સોળ સતીનો છંદ" માં છે કે ઉપર ગણાવેલી તેરમી સતી એમાં અભિપ્રેત છે તેનો નિર્ણય કરવા માટે કોઇ સાધન જણાતું નથી. વિશેષમાં આ ૪૭ સતીઓમાં કૌશલ્યા અને શીલવતી એ બે સતી જે ઉપર્યુક્ત છંદમાં છે તેનો અહીં નિર્દેશ નથી. આ ઉપરાંત ૪૭ સતીઓ ગણાવવામાં કોઇ વિશિષ્ટ ક્રમ ઉદ્દિષ્ટ હોય એમ જણાતું નથી.

વાચક વિનયવિજયની કૃપાથી રૂપવિજયે "સોળ સતીની સજ્ઝાય" રચી છે. એ "**श्रावकस्य पंचप्रतिक्रमणादि सूत्र**" ના નામથી, ભીમસિંહ માણેકે ઈ. સ. ૧૮૮૮ માં પ્રકાશિત કરેલા પુસ્તક (પૃ. ૪૨૧-૪૨૨) માં નીચે મુજબ છપાયેલી છેઃ—

સરસતી માતા પ્રણમું મુદા, તું તૂહી આપે સંપદા;
સોલ સતીના લીજેં નામ, જેમ મનવાંછિત સિઝે કામ. ૧

બ્રાહ્મી સુંદરી સુલસા સતી, જપતા પાતક ન રહે રતી;
કૌશલ્યા કુંતી સતિ સાર, પ્રભાવતી નામેં જયકાર. ૨

ભગવતી શીલવતી ભય હરે, સુખસંપતિ પદ્માવતી કરે;
દ્રૌપદી પાંડવઘરણી જેહ, શિયલ અખંડ વખાણ્યું તેહ. ૩

ચૂલા દમયંતી દુઃખ હરે, શિવા દેવી નિત્ય સાન્નિધ્ય ઠરે;
ચંદનબાલા ચઢતી કલા, વીરપાત્ર દીધા બાકુલા. ૪

રાજિમતી નવિ પરણ્યા નેમ, તોહે રાખ્યો અવિહડ પ્રેમ;
સીતાતણું શીયલ જગ જયો, અગ્નિ ટલીને પાણી થયો. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન્ય ધન્ય સતી સુભદ્રા ધીર, કાચે તાંતણે ચાલણી નીર;
ચંપા પોલ ઉઘાડી ચંગ, મૃગાવતી પ્રણમું મન રંગ. ૬

પ્રહ ઉઠી સતી જપિયે શીલ, જિમ લહિયે ઋદ્ધિ વ્રત ગોલ;
શ્રી વિનયવિજય વાચક સુપસાય, રૂપવિજય ભાવે ગુણ ગાય. ૭

આમાં નિમ્નલિખિત ક્રમે સોળ નહિ, પણ સત્તર સતીઓનો ઉલ્લેખ છે.

(૧) બ્રાહ્મી, (૨) સુંદરી, (૩) સુલસા, (૪) કૌશલ્યા, (૫) કુંતી, (૬) પ્રભાવતી, (૭) શીલવતી, (૮) પદ્માવતી, (૯) દ્રૌપદી, (૧૦) પુષ્પચૂલા, (૧૧) દમયંતી, (૧૨) શિવા, (૧૩) ચંદનબાલા, (૧૪) રાજિમતી, (૧૫) સીતા, (૧૬) સુભદ્રા, અને (૧૭) મૃગાવતી.

અહીં જે સત્તર નામ ગણાવાયાં છે એ જ "સોળ સતીનો છંદ" માં છે, પરંતુ બંનેના ક્રમમાં ફેર છે.

**ઉદયરત્ન**—"સોળ સતીનો છંદ" કોણે રચ્યો છે એ હવે આપણે વિચારીશું. આ છંદની અંતિમ કડીમાં કર્તાનું નામ તો ઉદયરતન (ઉદયરત્ન) દર્શાવાયું છે, પરંતુ એમને વિષે વિશેષ કશો ઉલ્લેખ નથી. વિશેષમાં આ છંદ ક્યારે કયાં રચાયો તેનો પણ નિર્દેશ નથી. આ પરિસ્થિતિમાં 'ઉદયરત્ન' એ નામથી જે ભિન્ન ભિન્ન મુનિવરો થયા છે તે વિષે સંક્ષેપમાં હું કેટલીક હકીકત નોંધું છું.

(૧) 'તપા' ગચ્છના **વિજયરાજસૂરિના** સંતાનીય અને **અમરરત્નના** શિષ્ય **શિવરત્નના** શિષ્યનું નામ ઉદયરત્ન છે. એમણે વિ. સં. ૧૭૪૯ માં **જંબુસ્વામીરાસ** રચ્યો છે. એમણે વિ. સં. ૧૭૫૫ માં **અષ્ટપ્રકારી-પૂજારાસ**, વિ. સં. ૧૭૫૯ માં **સ્થૂલિભદ્ર રાસ** તેમજ **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો શલોકો**, વિ. સં. ૧૭૬૧ માં **મુનિપતિ રાસ**, વિ. સં. ૧૭૬૨ માં **રાજસિંહ રાસ**, **નવકાર રાસ**, વિ. સં. ૧૭૬૩ માં **બ્રહ્મચર્યની નવ વાડની સજ્ઝાય**, વિ. સં. ૧૭૬૫ માં **બારવ્રતરાસ**, વિ. સં. ૧૭૬૬ માં **મલયસુંદરી-મહાબલ રાસ**, વિ. સં. ૧૭૬૭ માં **યશોધર રાસ** અને **લીલાવતી સુમતિવિલાસ રાસ**, વિ. સં. ૧૭૬૮ માં **ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજાનો રાસ**. વિ. સં. ૧૭૬૯ માં **શત્રુંજય તીર્થમાળા ઉદ્ધાર રાસ** અને **ભુવનભાનુ કેવલીનો રાસ**, વિ. સં. ૧૭૭૦ મા **શાલિભદ્રનો શલોકો**, વિ. સં. ૧૭૯૫ માં **વિમલ મહેતાનો શલોકો**, વિ. સં. ૧૭૯૯ માં **હરિવંશ રાસ** અને **સૂર્યવંશનો રાસ** ઇત્યાદિ કૃતિઓ રચી છે.[૧]

આ ઉદયરત્ન ખેડાના રહીશ હતા અને મિયાંગામમાં કાળધર્મ પામ્યા તે પૂર્વે એમણે ઇન્દ્રજાળની શક્તિ દ્વારા સમવસરણ રચ્યાનું કહેવાય છે.

(૨) 'ખરતર' ગચ્છના જિનસાગરસૂરિના શિષ્યનું નામ પણ ઉદયરત્ન છે. એમણે વિ. સં. ૧૭૨૦ માં **જંબૂચોપાઈ** રચી છે.[૨]

(૩) 'ખરતર' **વિદ્યાહેમના** શિષ્યનું નામ પણ ઉદયરત્ન છે. એમણે વિ. સં. ૧૮૫૭ માં **સીમંધર સ્તવન**, વિ. સં. ૧૮૬૭ માં **પાલિત-જિનરક્ષિત-રાસ**, વિ. સં. ૧૮૭૪ માં **જિન-કુશલસૂરિ-નિશાની** અને વિ. સં. ૧૮૮૪ માં ખંધા-ચોઢાલિઉં એમ વિવિધ કૃતિઓ રચી છે.[૩]

૧ જુઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૨, પૃ. ૩૮૬-૪૧૪)
૨ જુઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૨૧૫).
૩ જુઓ. **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખંડ ૧, પૃ. ૩૩૫).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસારની ભીષણતા યાને અજ્ઞાનનો અંજામ

## ( પ્યારા પુત્રથી પરોપકારી પિતાનું ખૂન )

લેખક—પૂજ્ય મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી

**પ્યારા પુત્રના દર્શનના કોડ સેવતા અને ચિરકાળ પરદેશ વેપાર ખેડી કરોડોની પેદાશ કરી પુત્રના દર્શન અને તેના સુખને જ માટે આવેલ પિતાને આનંદ માનવાની જગાએ અજ્ઞાનથી ચોરની શંકાએ પોતાના સુખ ખાતર જાતે ખડ્ગથી મારી નાખી પુત્ર જિંદગી હારી જાય છે અને પરસ્પર ભયંકર વૈરની વસુલાત થાય છે.**

અજ્ઞાને જગતમાં દુઃખનાં દાવાનલો સળગાવેલા છે. તેથી સ્પષ્ટ છે કે સઘળાએ દુઃખનું કારણ અજ્ઞાન છે. જ્ઞાનના પ્રતાપે અજ્ઞાન હઠે છે, મિથ્યાત્વ મરે છે, શત્રુ અને મિત્રનું ભાન થાય છે, દુરાચાર દૂર થાય છે, સદાચાર જીવનમાં પ્રગટે છે, દુઃખ સઘળું ભાગે છે અને સુખ સ્વયં આવી મળે છે.

એક સુપ્રસિદ્ધ સમૃદ્ધિશાળી પ્રાચીન નગરીમાં પૂર્વ પુન્યે કોટિદ્રવ્યના માલિક **ભાવન** નામે શેઠ હતા. તે પોતાનું સઘળું દ્રવ્ય પોતાના પ્રાણપ્યારા **હરિદાસ** નામના પુત્રને સોંપી પરદેશ વેપાર ખેડવા ગયા.

બાર વર્ષ સુધી પરદેશમાં ઘૂમી અનેક પરિશ્રમ અને કાવાદાવાથી વેપાર ખેડી, કરોડોની દોલત મેળવી, શેઠ પોતાના પ્યારા પુત્રના દર્શન કરી તેને ખરેખર સુખી બનાવવાના ઇરાદે નોકર–ચાકર અનેક પ્રકારના માલ સરસામાન અને કરોડોની દોલત સાથે પોતાના વતન તરફ આવવા નીકળ્યા. આખો દિવસ પગે ચાલતા અને અત્યંત પરિશ્રમ કરતાં થોડા જ દિવસમાં પોતાના નગરે આવી નગરની બહાર રાત્રિવાસો રહ્યા.

નગરની બહાર બધા પરિવારને મૂકી ભાવનશેઠ પોતાના વહાલા પુત્રના મુખના દર્શનની ઉત્કંઠાથી એકલા રાત્રિએ નગરમાં પોતાના ઘેર આવ્યા. દૂરથી પુત્રને જોઇ આનંદ થયો. જ્યારે પુત્રે ચોરની

---

આમ જે ત્રણ ઉદયરત્ન થયા છે તે પૈકી પહેલા ઉદયરત્ને પ્રસ્તુત છંદ રચ્યો હશે એમ આ છંદનું પદ–લાલિત્ય જોતાં–એની અંતર્યમકમય રચના વિચારતાં લાગે છે. આ અનુમાન સાચું ન હોય તો આ છંદ દોઢેક સૈકા જેટલો તો પ્રાચીન છે જ એમ કહી શકાય.

પ્રશ્ન:—અંતમાં એક પ્રશ્ન રજૂ કરી હું આ લેખ પૂર્ણ કરું છું. કેરી જેવી ચીજનો સેંકડાના ભાવે સોદો કરનારને 'સો' નંગને બદલે એથી અધિક અપાય છે અને તેમ છતાં તે 'સો' કહેવાય છે. વળી 'શતક' તરીકે ઓળખાવાતી કેટલીક કૃતિમાં લગભગ ૧૧૫ જેટલાં પદ્યો હોવા છતાં તેનો 'શતક' તરીકે નિર્દેશ થયો છે અને થાય છે. આ રીતે વિચારતાં 'સોળ'ની સંખ્યા ખૂબ પ્રચારમાં આવી હોવાથી, શું સતીઓનાં 'સોળ' નામો ગણાવાની પ્રતિજ્ઞા કરનારે સોળને બદલે 'સત્તર' નામ ગણાવે તો ન ચાલે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શંકાથી ઉપકારી બાપને ખડ્ગથી મારી નાખ્યો. શેઠ પોતાને મારનાર પુત્રને ઓળખી દ્વેષ ભાવમાં મર્યો. પછી પુત્રે પિતાને ઓળખ્યા, એટલે પશ્ચાતાપ કરી અજાણથી થએલ અકાર્યથી મહાન્ દુઃખી થઇ પિતાનું પ્રેતકાર્ય કર્યું. વખત જતાં પુત્ર હરિદાસ મર્યો. બન્ને દુઃખદાયક ભવમાં ભમી ભાવનશેઠનો જીવ રથનુપુર નગરનો રાજા પૂર્ણમેઘ બન્યો. અને હરિદાસનો જીવ ગગનવલ્લભનગરનો સુલોચન નામે રાજા બન્યો. બંને વિદ્યાધરો હતા. આ વિખ્યાત સુલોચન નામના વિદ્યાધર રાજાને સહસ્રનયન નામે નીતિવંત પુત્ર અને સ્ત્રીઓમાં શિરોમણિ સુકેશા નામે પુત્રી હતી, જે સાગરચક્રીની પટ્ટરાણી અને સ્ત્રીરત્ન થશે.

રથનપૂરના રાજા પૂર્ણમેઘે ( પૂર્વભવના પિતા ) પૂર્વજન્મના પુત્ર સુલોચન રાજાની પુત્રી સુકેશાની પરણવા માટે માગણી કરી. ન આપવાથી બળાત્કારે હરણ કરવાની ઇચ્છાએ યુદ્ધ કરવા આવી સુલોચનને મારી નાખ્યો. પૂર્વભવે પુત્રે બાપને મારી નાખેલ માટે તે વૈરથી **પૂર્વભવના બાપ પૂર્ણમેઘે શત્રુરૂપ પૂર્વભવના પુત્ર સુલોચન રાજાને મારી નાંખ્યો. અને બાપે પૂર્વજન્મના પોતાના પુત્રની પુત્રીને** પરણવાની ઇચ્છા કરી. અહા ! સંસારની ભીષણતા.

આ બન્ને પૂર્ણમેઘ અને સુલોચન વિદ્યાધરરાજાઓના પુત્રોને પણ પરસ્પર વૈર છે. એક બીજાને મારી નાખવા ઇચ્છે છે. પૂર્ણમેઘનો પુત્ર **ધનવાહન** અને સુલોચનનો પુત્ર **સહસ્રલોચન** નામે છે. પૂર્વભવે એ બન્ને પુત્રો **રંભક** નામના સંન્યાસીના **શશી** અને **આવલી** નામે શિષ્યો હતો. આવલી વિનીત હતો જ્યારે શશી કઠોરહૃદયી હતો, આવલીએ એકદા ગાય વેચાતી લીધી. વચમાં પડી માયા-કપટથી ગાયના માલિક સાથે દગો રમી શશીએ તે ગાય ખરીદી લીધી. તે માટે એક ગુરુના બન્ને શિષ્યો જે ખરેખર ભાઇ કરતાં પણ ચઢીઆતા કહેવાય, તેનું યુદ્ધ થયું. શશીએ આવલીને મારી નાખ્યો. શશી ધનવાહન અને આવલી સહસ્રનયન થયો, સંસારમાં કેટલોક કાળ ભમ્યા. પૂર્વભવની વૈરની વાસના સાથેજ આવે છે. પૂર્વભવમાં શિષ્યોમાં વૈર હતું. તેથી વૈર બીજા ભવમાં પણ ચાલુ રહ્યું. મારી નાખવા ઇચ્છે છે. સહસ્રનયને પિતાના વધને સંભારીને પૂર્ણમેઘને મારી નાખ્યો. ધનવાહન અજિતનાથ-સ્વામીના શરણે ગયો સમવસરણમાં સહસ્રનયન મારવા પાછળ પડેલ પણ પ્રભુના પ્રભાવથી કોપ શાંત થયો. પ્રભુને નમી બેઠો.

પૂર્ણમેઘ અને સુલોચનને ભાવનશેઠ અને હરિદાસના વૈરના કારણે ( પુત્રે બાપને માર્યો માટે પછીના ભવમાં પુત્ર બાપને મારે છે ) વૈર છે. જ્યારે તેમનાં પુત્રો ધનવાહન અને સહસ્રનયનને શશી અને આવલી તરીકેના શિષ્યના સમયનું વૈર છે. આ રીતે વૈરની વસુલાત થાય છે. લાંબી ભયંકર પરંપરા ચાલે છે માટે વૈર બાંધવા જેવું નથી.

અહા ! સંસારનો આનંદ ! કેવો ભયંકર પ્રસંગ ? એક ક્ષણ પહેલાનું સ્વર્ગસમસ્થાન બીજી જ ક્ષણે ખરેખર સ્મશાન બને છે, તેથી સંસાર ભયંકર-અનિત્ય અને દુઃખનો દાવાનળ છે. સંસારની ભીષણતાનું કારણ અજ્ઞાન આ દૃષ્ટાંતથી સ્પષ્ટ સમજાય છે. **વિવેકીએ અસત્ય-અસ્થિર અને અપૂર્ણ સુખ છોડી, જ્ઞાનીની આજ્ઞા મુજબ સત્ય-સ્થિર અને પૂર્ણ સુખ મેળવવા પ્રયત્ન કરવો જોઇએ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ-કૌશલ્ય

( લેખક—સ્વ૦ મૌક્તિક )

## Underhandedness—દંભ-ગોટાળા.

### દંભ-ગોટાળાનો સામનો કરવો-મુશ્કેલ છતાં લાભકારક છે.

ધામધુમ કરનારને એ બહુ પ્રિય હોય તેવો દુર્ગુણ છે. મનમાં કાંઇ હોય અને દેખાવ જુદો કરવામાં આ દુર્ગુણ મુખ્ય કામ કરે છે. દેખાવ એવા માણસોને પ્રિય હોય છે. ધાંધલીઆ માણસો આવી રીતે કામ કરે છે, પણ જ્યારે તે ઉઘાડા પડી જાય છે ત્યારે બહુ પરતાય છે. મનમાં કાંઇ, વચન કે વર્તનમાં બીજું આ એ લોકોનું નિત્ય કાર્ય હોય છે. આવા લોકો નીચ સ્વાર્થી હોવાને કારણે, કોઇ પ્રકારની સહાનુભૂતિને યોગ્ય નથી અને તેઓ જ્યારે ઉઘાડા પડી જાય છે ત્યારે અંતે પરતાય છે અને હેરાન થાય છે. આવા માણસે વિચારવું જોઇએ કે અહીં બહુ બહુ તો સો વર્ષની ઉંમર થશે. એટલો વખત ઘણો ટૂંકો છે અને તેટલા વખત માટે સારાં કાળાં ધોળાં કામ કરવા અને ગમે તેવું બોલી નાખવું અને ગોટા વાળવા તે અનુચિત છે, ન પાલવે તેવી વાત છે. આ પ્રમાણે કેટલાક માણસને કામ કરવાની અથવા વર્તવાની ટેવ પડે છે તેને દૂર કરવી મુશ્કેલ છે પણ જરૂરી છે. જેઓ સ્વાર્થમાં રત થઇ સાચી વાત કરતા નથી તેઓ અંતે તો ઉઘાડા પડે છે. તે વખતે તેઓનો જે રકાસ થાય તે જોવા જેવો હોય છે.

અંતે તો સત્યના જ ડંકા વાગે છે. તે વખતે સાચી વાત જણાઇ આવે અને ઉઘાડા પડી જવાય. તે વખતે જે રકાસ થાય છે, તેમાંથી બચવા આ આગમચેતી આપવામાં આવી છે. જેઓ ટુંકો વિચાર કરી આ આગમચેતીની અવગણના કરે છે તેઓ આખરે જરૂર હેરાન થાય છે પણ ઉઘાડા પડતી વખતે તેઓનો જે રકાસ થાય છે તે જોવા જેવો છે. તે વખતે એની કોઇ દયા ખાતું નથી, એમ નહિં પણ કોઈ સહાનુભૂતિ પણ દર્શાવતું નથી, અને એને પણ મનમાં જે ગોટા વાળવા પડે છે તે જોવા જેવા જરૂર હોય છે.

ત્યારે સીધી રીતે કામ કરવું સારું છે એમ લાગે છે. અને આવા માણસોનો બચાવ તો કરવાનો હોય જ નહિ. કેમકે તેઓ યોગ્ય નથી અને તેમનો બચાવ પણ નથી. જેવું હોય તેવું કામ કરવાથી આનંદ થાય છે અને ખૂબ આનંદ રહે છે કારણ કે એ કામ સ્પષ્ટ હોય છે. અને સ્પષ્ટ નેક સાચા કામનો બદલો એ આત્મસંતોષ છે. જેનો એણે લાભ લેવો હોય તેને માટે રસ્તો પણ સરલ છે, બાકી દંભી કે ઢોંગી માણસને ઊધડો લેવો અથવા ઉઘાડો પાડી દેવો મુશ્કેલ પણ અંતે લાભકારક છે. એવાને ઉત્તેજન તો ન જ આપવું અથવા એવા અધમથી બીક તો કદી ન રાખવી.

---

It is hard *to dispute underhandedness*, but it always pays.

—*Thoughts of the Great.*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધુ જીવનની મહત્તા

લેખકઃ—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

धैर्यं यस्य पिता क्षमा च जननी भ्राता मनःसंयमः,
सूनुः सत्यमिदं दया च दुहिता शान्तिः स्वयं गेहिनि ।
शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनं,
यस्यैतानि कुटुम्बिनो वद सखे ! तस्याङ्गिनः क्वाऽसुखम् ॥ १ ॥

**અર્થઃ**—ધીરજ જેનો પિતા છે, ક્ષમા જેની માતા છે, મનનો સંયમ જેનો ભ્રાતા છે, અને સત્ય જેનો પુત્ર છે, દયા જેની કન્યા છે, અને શાંતિ પોતે જેની પત્ની છે, પૃથ્વી ઉપર જેનું સુવું છે, અને દિશાઓ જેના વસ્ત્રો છે, અને જ્ઞાનરૂપી અમૃત જેનું ભોજન છે, હે મિત્ર ! જેના આ કુટુંબીઓ હોય તે પ્રાણીને દુઃખ કયાંથી હોય ?

આ પરિણામી સંસારમાં પ્રાણીમાત્ર સુખના અભિલાષાવાળા અને દુઃખનો નાશ કરવાની ઇચ્છાવાળા હોય છે. પણ સાચું સુખ તો સંસારમાં મળવું જ દુર્લભ છે, કારણ કે સાંસારિક સુખોને લઇએ તો કોઇ પણ પ્રકારનું સુખ જેમકે, ધન, ધામ, ધરા, વગેરેનાં તથા પુત્ર, સ્ત્રી, પરિજન વિગેરેથી અથવા ભોગોપભોગથી ઉત્પન્ન થનારાં સુખો દુઃખના સંબંધ વિનાના જોવામાં આવતા નથી. અલૌકિક સુખ કે જેમાં દુઃખનો સંબંધ જ ન હોય તેવું સુખ સંસારમાં મળતું જ નથી; તેથી શ્રી અરિહંત ભગવાને પ્રરૂપેલ ધર્મથી સુખ મળે છે.

अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः ।
नित्यसंनिहितो मृत्युः, कर्त्तव्यो धर्मसंग्रहः ॥

**અર્થઃ**—શરીરો અનિત્ય છે, સંપત્તિ શાશ્વતી હોતી નથી, મોત હંમેશા સમીપમાં આવતું જાય છે માટે ધર્મનો સંગ્રહ કરવો જોઇએ.

શ્રાવક ધર્મ દેશવિરતિરૂપ છે, અને શ્રમણ ધર્મ સર્વવિરતિરૂપ છે, એટલે ચાલુ પ્રસંગે સર્વવિરતિ જે સાધુનો ધર્મ છે, તેનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવે છે. સાધુએ સ્વીકારેલા સર્વવિરતિરૂપ પંચમહાવ્રતો જેમકે–૧ અહિંસા, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય, ૫ અપરિગ્રહ એ પાંચે મહાવ્રતો છે. તેમાં પણ મન–વચન–કાયાએ કરીને કરવું, કરાવવું અને અનુમોદના કરવી અને તેમાં નિરંતર પ્રયત્નવાળા થવું જોઇએ. સાધુ–મુનિરાજ અહિંસા વ્રતને મન, વચન, કાયાએ કરીને પાળે છે. મનથી અહિંસા ધર્મના વિચાર કરે છે. વચનથી પણ અહિંસાને આદરે છે તથા ઉપદેશે છે. હિંસક પ્રવૃત્તિનો નિષેધ કરે છે એટલું જ નહિં પણ અન્ય જીવની હિંસાને પુષ્ટિ મળે અથવા પ્રવૃત્તિ થાય એવું એક પણ વચન મુખથી વદતા નથી. અને કાયાએ કરીને અહિંસાને પાળે છે. નાનામાં નાના કુંથું જેવા સૂક્ષ્મજીવોની હિંસા ન થાય તેવું વર્ત્તન કરે છે અને એવી જ પ્રવૃત્તિઓમાં અન્ય જીવોને પ્રેરે છે. તથા તેમની પાસે પણ અહિંસા પળાવવાનો પ્રયત્ન કરે છે. અહિંસાનું યથાર્થ પાલન કરનાર જીવોની અનુમોદના પણ કરતા રહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



न सा दीक्षा न सा भिक्षा, न तद्दानं न तत्तपः ।
न तद्ध्यानं न तन्मौनं, दया यत्र न विद्यते ॥

**અર્થ**:—તે દીક્ષા નથી, તે ભિક્ષા નથી, તે દાન નથી, તે તપ નથી, તે ધ્યાન નથી કે માન નથી કે જેમાં દયા હોય નહી.

બીજું જે સત્ય નામનું મહાવ્રત તેના પાલનમાં સાધુએ મન, વચન, કાયાથી સતત સંલગ્ન રહે છે અને પોતે સત્યમાં પ્રવર્તે છે, અન્યને પ્રવર્તાવે છે અને સત્યમાં પ્રવર્તતા જીવોની અનુમોદના પણ કરતા રહે છે.

कुर्वन्ति देवा अपि पक्षपातं, नरेश्वराः शासनमुत्सहन्ति ।
शांता भवन्ति ज्वलनादयो यत् तत्, सत्यवाचां फलमामनन्ति ॥

**અર્થ**:—દેવતાઓ સત્યવ્રત પાળનારનો પક્ષપાત કરે છે, રાજાઓ તેમની આજ્ઞાને શીર પર ચડાવે છે, અગ્નિ વિગેરે શાંત થઈ જાય છે એવું સત્ય વચનનું ફલ મનાય છે.

ત્રીજું અસ્તેયવ્રત તેનું પણ સાધુઓ મન વચન કાયાથી પાલન કરે છે, કરાવે છે અને અનુમોદે છે. એને જ અદત્તાદાન પણ કહે છે.

अदत्तं नाऽऽदत्ते कृतसुकृतकामः किमपि यः,
शुभा श्रेणिस्तस्मिन् वसति कलहंसीव कमले ।
विपत्तस्माद् दूरं व्रजति रजनीवांबरमणे-
र्विनीतं विद्येव त्रिदिवशिवलक्ष्मीर्भजति तम् ॥

**અર્થ**:—જે પુણ્યની ઇચ્છાવાળો પુરુષ કોઈ પણ વસ્તુ વગર આપેલી ગ્રહણ કરતો નથી, તેને વિષે કમલમાં રહેલી હંસલીની પેઠે શુભની પંક્તિઓ વસે છે. સૂર્યથી જેમ જેમ રાત્રી દૂર થઇ જાય છે તેમ તેમ અદત્તાદાનને પાળનારની વિપત્તિઓ દૂર થાય છે. વિનયી પુરુષને જેવી વિદ્યાની પ્રાપ્તિ થાય તેમ તે અદત્તાદાન અર્થાત્ અસ્તેય વ્રત પાળનારને મોક્ષરૂપી લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

ચોથું જે બ્રહ્મચર્ય વ્રત તેમાં પણ સાધુઓ મન, વચન, કાયાએ પ્રવર્તે છે. અને બ્રહ્મચર્ય વ્રત પાળનારાઓની અનુમોદના કરે છે. જેનાં સ્થૂલિભદ્રાદિ દષ્ટાંતો આગમોમાં પ્રસિદ્ધ જ છે. તેમજ કહ્યું છે કે—

हरति कुलकलंकं लुंपते पापपंकं, सुकृतमुपचिनोति श्लाघ्यतामातनोति ।
नमयति सुरवर्गं हन्ति दुर्गोपसर्गं, रचयति शुचिशीलं स्वर्गमोक्षौ सलीलम् ॥

**અર્થ**.—બ્રહ્મચર્ય વ્રત પાળનાર કુલનાં કલંકને હરે છે, પાપરૂપી પંકનો નાશ કરે છે, પુણ્યની અભિવૃદ્ધિ કરે છે, પ્રશંસાને પામે છે, દેવતાઓના સમૂહને નમાવે છે અને કઠીન એવા ઉપસર્ગોને હણે છે. પવિત્ર એવું જે શીલવ્રત તે લીલા માત્રે કરીને સ્વર્ગ ને મોક્ષને પણ આપે છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સુવાકયો

કોલસાથી દાંત સાફ થાય, મોઢું તો ઊલટું કાળું જ થાય.

તું એટલો બધો મીઠો ન બનતો કે જગત તને ચાવી જાય અને એટલો બધો કડવો પણ ન બનતો કે જગત તને થૂંકી નાખે.

કાયરના હાથમાં તલવાર અને મૂર્ખના હાથમાં કલમ મૂકતાં પહેલાં વિચાર કરજે.

જન્મભૂમિની ધૂળ મસ્તકે ચઢાવાય, મોઢામાં ન મૂકાય.

ગરીબ અને શ્રીમંતમાં એટલો જ તફાવત છે કે, જયારે બીજાને જમતી વખતે ને પહેલાને કમાતી વખતે પરસેવો થાય છે.

પાંચ આંગળીઓ મોઢા તરફ વળે છે ત્યારે તો તે પણ સરખી થઈ જાય છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે.

ધર્મસેવામાં સર્વ સેવા સમાઇ જાય છે. ધર્મનો વિરોધ કરનારા પોતાના આત્માના જ દુશ્મનો છે.

સાચું સુખ ભોગમાં નહિ પણ ત્યાગમાં છે. દુનિયાના રંગરાગ અને વિષયવિલાસો આત્માની બરબાદી કરનારા છે.

જેમ શરીરને ટકાવવા માટે અન્નની જરૂર છે તેમ આત્માની ઉન્નતિના કારણભૂત અધ્યાત્મ જીવનને ટકાવવા માટે ધર્મની તેથી વધુ જરૂરિયાત છે.

ત્રણ ભુવનમાં રહેલા વિવેકી સુર, અસુર, વિદ્યાધર તથા મનુષ્યો સૂતા, જાગતા, બેસતા, ઉઠતા, હરતા–ફરતા શ્રી નવકારને યાદ કરે છે.

પરલોકના માર્ગે પ્રયાણ કરતા જીવરૂપી મુસાફરને આ લોકના ઘરમાંથી નિકળતી વખતે શ્રી નવકાર એ પરમ ભાતા તુલ્ય છે.

શ્રી નવકાર એ સર્વ શ્રેયોમાં પરમ શ્રેય છે. સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. સર્વ પૂજ્યોમાં પરમ પૂજ્ય અને સર્વ ફળોમાં શ્રેષ્ઠ ફળ છે.

શ્રદ્ધા અને બહુમાનપૂર્વક ધન્ય પુરુષોના મનોભવનમાં વર્તતો નવકારરૂપી દીપક મિથ્યાત્વરૂપી અંધકારને હરી લે છે.

પુણ્યાનુબંધી પુન્યના ઉદયથી જેને શ્રીનવકાર મંત્રની પ્રાપ્તિ થાય છે તેની નરક ગતિ અને તિર્યંચગતિ અવશ્ય રોકાઇ જાય છે.

દીર્ઘકાળ સુધી તપને તપ્યા, ચારિત્રને પાળ્યું અને ઘણા ઘણા શાસ્ત્રનો અભ્યાસ કર્યો પણ નવકાર પ્રત્યે રતિ ઉત્પન્ન ન થઇ તો સર્વ નિષ્ફળ ગયું.

જન્મ, જરા અને મરણથી દારુણ એવા આ ભવ–અરણ્યમાં મંદ પુણ્યવાળાઓને શ્રી નવકારની પ્રાપ્તિ કદી પણ થતી નથી.

જ્ઞાનરૂપી ઘોડાથી જોડાયેલો અને નવકારરૂપી સારથીથી હંકાયેલો તપ નિયમ અને સંયમરૂપી રથ નિર્વૃત્તિનગરમાં લઇ જાય છે.

અચ્છાબાબા–જામનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત સંગ્રહ

લેખક—સુધાકર.

( ગતાંક પૃષ્ઠ ૧૨૮ થી શરૂ )

[ આપણા ધર્મગ્રંથો અને આગમ ગ્રંથોમાં વિપુલ પ્રમાણમાં સુભાષિતોનો સંગ્રહ છે. સુભાષિતોનો અર્થ જ એ કે ટૂંકામાં ઘણું કહેવું. એ પદ્યમાંયે હોય અને ગદ્યમાંયે હોય. એમાં વાણીની મીઠાશ, રસનું માધુર્ય અને વૈવિધ્યનો ખજાનો ભર્યો હોય છે. ગમે તે ધર્મનો, ગમે તે સમાજનો કે ગમે તે દેશનો માનવી આ સુભાષિત વાંચી આનંદ અનુભવે છે અને બોધ લઇ શકે છે. આ મથાળા નીચે અવારનવાર થોડાં થોડાં સુભાષિતો આપવાની ઇચ્છા છે. સુજ્ઞ વાંચકો હંસક્ષીરન્યાયે રસાસ્વાદ અનુભવી આત્માનંદની પ્રસાદી પામે એ જ શુભેચ્છા. ]

આ દુનિયામાં મહાપુરુષ થવું સર્વને ગમે છે પરન્તુ મહાપુરુષનું લક્ષણ કેવું છે તે વાંચો.

**यः परवादे मूकः, परनारीवक्त्रवीक्षणेऽप्यन्धः ।**
**पंगुः परधनहरणे, स जयति लोके महापुरुषः ॥**

**ભાવાર્થ**—જે બીજાના અવર્ણવાદ બોલવામાં મૂંગા છે; જે પરનારીને વિકારી નેત્રથી જોવામાં આંધળા છે; અને જે અન્યનું ધન હરણ કરવામાં પાંગળા છે; તે મહાપુરુષ લોકમાં સદા ય જય પામે છે.

જેમ મહાપુરુષનું લક્ષણ એક જ શ્લોકમાં કવિએ યોગ્ય રીતે રજૂ કર્યું છે તેમ યોગીશ્વર કોણ હોય ? તેમનાં લક્ષણ શું તેને પણ એક જ શ્લોકમાં બહુ જ સુંદર રીતે દર્શાવ્યું છે—વાંચો.

**आक्रोशेन न दुयते न च चटुप्रोक्त्या समानंद्यते,**
**दुर्गन्धेन न बाध्यते न च सदा मोदेन संप्रीयते ।**
**स्त्रीरूपेण न रज्यते न च मृतश्वानेन विद्वेष्यते,**
**माध्यस्थेन विराजितो विजयते कोप्येष योगीश्वरः ॥**

**ભાવાર્થ**—જે અન્ય જનોના ક્રોધયુક્ત કટુવચનો સાંભળી દુભાય નહિં; ગમે તેવા દ્વેષથી, ક્રોધથી કે ઇર્ષ્યાથી સામો માણસ જૂઠા આક્ષેપો કરે, કટુ વાક્પ્રહારો કરે છતાંયે જેના રૂવાંડામાંયે લગારે દ્વેષ, ઇર્ષ્યા કે ક્રોધનો અંશ સરખોયે ન જાગે પરન્તુ પૂર્ણ સમભાવથી હસતે મોંઢે મૌનપણે આક્ષેપોની–કટુ વચનામૃતો(?)ની વરસતી ઝડીને ઝીલી લ્યે અને સામો માણસ ખુશામતથી ગમે તેવી પ્રશંસા કરે, ગમે તેટલી સ્તુતિ કરે, ગમે તેટલી વાહ–વાહ–જય–જય બોલે છતાં ય લગારે પ્રમુદિત–આનંદિત ન થાય. બીજાની પાસેથી પોતાની સ્તુતિ સાંભળી લગારે હર્ષિત ન થાય અર્થાત્ બીજાની કટુ વાણી સાંભળી દુભાય નહિં અને બીજાની મીઠી વાણી સાંભળી રાજી ન થાય એ પણ યોગીશ્વરનું લક્ષણ છે અને એટલા જ માટે મહાત્મા ચિદાનંદજી પણ કથે છેઃ—

"નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હરખ શોક નવિ આણે,
તે જગમાં જોગીસર પૂરા, નિત ચઢતે ગુણઠાણે."

**દુર્ગંધથી જે પીડા ન પામે**—અર્થાત્ ગમે તેવા દુર્ગંધસ્થાનમાં ગયો હોય તો નાક અને મ્હોં ન મચકોડે, આસન લગાવી ધ્યાનમાં બેઠો હોય કે એકાંતશાંતિના સ્થાનમાં સામાયિકમાં બેઠો હોય ત્યાં અકસ્માત્ દુર્ગંન્ધી આવે તો લગારે ઊંચોનીચો ન થાય. નાકે કે મોઢે ડુચો ન દ્યે. કયાં બેઠો અહીં ? આ દુર્ગંન્ધે તો માથું ફાડી નાંખ્યું એવું ન થાય અને ગુલાબ, માલતી, ચંબેલી, ચંદન કે ચંપાની સુગંધીથી જે આનંદિત–પ્રમુદિત ન બને.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે બેસને ઘડીભર સામાયિક પછી કરશું. ગુરુદેવ પાસે પછી જશું. આ મસ્ત સુગંધ આવી રહી છે. શું જલ્દી છે ? અર્થાત્ દુર્ગંધીથી જે દૂર ન ભાગે અને સુગંધીથી જે પ્રમોદ ન પામે એ પણ યોગીશ્વરનું લક્ષણ છે.

સ્ત્રીનું અદ્ભૂત રૂપ જોઇ જે મોહ ન પામે, જે ન રાચે ન માચે, અરે ! જેને મોહ ન થાય, વિકાર ન જાગે અને મરેલું ગંધાતું સડેલું કૂતરું જોઇ તેના ઉપર વિદ્વેષ, ક્રોધ કે અભાવ ન જાગે. અરે ! કૂતરાની ખોપરી તૂટી ગઇ હોય, આંખના ડોળા બહાર નીકળી પડ્યા હોય, મુખની આકૃતિ બિહામણી અને ભયંકર બની ગઇ હોય, ટાંટીયા લાંબા થઇ ગયા હોય; છતાં જેના ઉપર લગારે દ્વેષ કે અભાવ, .અપ્રીતિ અને અરુચિ ન થાય અર્થાત્ ગમે તેવી રૂપસંપન્ન નવયુવાન સ્ત્રી જોઇને જેને રાગ ન થાય અને સડેલું દુર્ગંધ મારતું કૂતરું જોઇ દ્વેષ ન જાગે. એમાં માધ્યસ્થવૃત્તિ રાખે, એમાં સમભાવ રાખે-આવા ગુણોવડે અલંકૃત યોગીશ્વર, કોઇ અદ્ભૂત અપૂર્વ એવા યોગીશ્વર વિજયવંતા વર્તે છે.

અર્થાત્ જે આક્રોશથી દુભાતા નથી, અને પ્રશંસા સ્તુતિથી આનંદ પામતા નથી, દુર્ગંધીથી પીડા પામતા નથી અને સુગંધીથી પ્રમુદિત નથી થતા અને સ્ત્રીનું અદ્ભૂત રૂપ જોઈ રાગ દશા નથી પામતા અને મરેલા કૂતરાને જોઇ જે વિદ્વેષ દશા નથી પામતા પરન્તુ આવા સમયે સમભાવથી રહે છે, સમભાવમાં લીન રહે છે તેમ મહાત્મા યોગીશ્વરો અદ્ભૂત અપૂર્વરૂપે વિજય પામતા વર્તે છે.

આ સુભાષિત આ ચેતનને-આત્મારામને (જીવને) ઘણું ઘણું કહી જાય છે. આ ઉત્તમ યોગીરાજની દશા જેણે જડ અને ચેતનનો ભેદ જાણ્યો છે તેને પ્રાપ્ત થાય છે. આત્માની વિભાવદશાનું સ્વરૂપ જેણે જાણ્યું છે અને આત્માની સ્વભાવદશા પ્રાપ્ત કરી છે તે જ આવા ઉત્તમ યોગીરાજ બની શકે છે.

હે ચેતન ! તું વિચાર કે તારામાં આમાંના કયા ગુણો આવ્યા છે ? કયા બાકી છે ? તારા સ્વ અને પરના ભેદ કયારે મટશે તે વિચારજે.

જીવને બધી દશા પ્રાપ્ત થવી સુલભ છે કિન્તુ સમભાવદશા પ્રાપ્ત થવી જ દુર્લભ છે. એટલા જ માટે અધ્યાત્મકલ્પદ્રુમમાં પરમયોગીરાજ શ્રી મુનિસુંદરસૂરિજી કથે છે કે

**जानन्ति कामान्निखिलान् ससंज्ञा, अर्थं नराः केऽपि च केऽपि धर्मम् ।**
**जैनं च केचिद् गुरुदेवशुद्धं, केचित् शिवं केऽपि च केऽपि साम्यम् ॥**

**ભાવાર્થ**—જેમને સંજ્ઞા છે તે દરેક જીવો કામને—ઇંદ્રિયોના વિષયોને જાણે છે, તેમાંથી થોડા ધનપ્રાપ્તિને જાણે છે; તેમાંથીયે થોડા ધર્મતત્વને ઓળખે છે, તેમાંથીયે થોડા જૈનધર્મને જાણે છે; તેમાંથીયે થોડા શુદ્ધદેવગુરુને જાણે છે, તેમાંથીયે થોડા મોક્ષને ઓળખે છે અને તેમાંથીયે થોડા સમભાવ-સમતાને ઓળખે છે.

ખરેખર આ વસ્તુ બહુ વિચારણા માંગે છે. જીવને સમભાવદશા પ્રાપ્ત થવી સહજ કે સરલ નથી.

સમભાવ રાખો, શાંતિ રાખો, સમતા રાખો આવું પ્રબોધનારા ઘણા મળે છે "**परोपदेशे पाण्डित्यम्**" સુલભ છે. ખુદ ચિદાનંદજી મહારાજ જેવા મસ્ત યોગીરાજને પણ મુક્તકંઠે કહેવું પડ્યું "અવધુ નિરપક્ષ વીરલા કોઇ, દેખ્યા જગ સહુ જોઇ અવધુ નિરપક્ષ વિરલા કોઇ"

મહામંગલકારી અપૂર્વ એવું આત્મસ્વરૂપ યથાર્થ રીતે સમજ્યા સિવાય સાચી સમભાવદશા-સમતા જીવને પ્રાપ્ત થવી દુર્લભ છે.

### ચારિત્ર વિનાનું જ્ઞાન કેવું છે ?

**सुयनाणम्मि वि जीवो वट्टंतो सो न पाउणइ मोक्खं ।**
**जो तव-संयममइए, जोगे न चइए वोढुं जे ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—કેવલ શ્રુતજ્ઞાનમાં વર્તતો જીવ મોક્ષ નથી પામતો કારણ કે તે તપ–સંયમાત્મક યોગોનું વહન કરી શકતો નથી.

આ જ વસ્તુના સ્પષ્ટીકરણમાં કહ્યું છે કે—

"માર્ગને જાણનાર માનવી આદિ જાણેલા માર્ગે ચાલે નહિં–ચાલવાની ક્રિયા ન કરે તો ઇષ્ટ સ્થાને કદીયે પહોંચી શકતો નથી."

કુશલ ખલાસી હોય, સુંદર વહાણ હોય કિન્તુ એ વહાણને ઇષ્ટ દિશાએ લઇ જનાર પવન ન હોય તો એ વહાણ અને ખલાસી શું કરે? ખલાસી રસ્તાનો જાણકાર છે પણ અનુકૂળ ક્રિયાનું સાધન ન હોવાથી તે લાચાર છે.

એટલા જ માટે કહ્યું છે કે—

जह छेय लद्धनिज्जामओवि वाणियगइच्छियं भूमिं ।
वाएण विणा पोओ न चइए म हणणवंतरिउं ॥ १ ॥
तह नाणलद्धनिज्जामओऽवि सिद्धि अ वसहिं न पाउणइ ।
निउणोऽवि जीवपोओ तवसंजममारुयविहूणो ॥ २ ॥
संसारसागराओ उच्छूड्डो मा पुणो निबुडेज्जा ।
चरणगुणविप्पहूणो बुड्डसु बहुं पि जाणंतो ॥ ३ ॥

ભાવાર્થ—કુશળ ખલાસીવાળું વહાણ અનુકૂળ પવન વિના મહાસમુદ્ર તરીને વ્યાપારીની ઇષ્ટ નગરીએ નથી પહોંચતું તેવી જ રીતે જીવરૂપી વહાણ, જ્ઞાનરૂપી ખલાસી યુક્ત હોવા છતાંયે તપ અને સંયમાદિરૂપ વાયુ રહિત હોવાથી મોક્ષભૂમિએ પહોંચતું નથી. હે મહાનુભાવ ચેતન! મહાકષ્ટથી જિનેશ્વરના ધર્મયુક્ત માનવ દેહ પામ્યો છે, સંસારસાગરને કાંઠે આવ્યો છે તો હું જાણકાર છું એમ માની ચરણ–કરણાદિ ગુણ રહિત થઇને બૂડતો નહિં.

અર્થાત્ ગમે તેવો જ્ઞાની થવા છતાં અહિં તું ચરણકરણાદિગુણથી રહિત છો તો તને મોક્ષ-મુક્તિની પ્રાપ્તિ નહિં થાય.

પરમ મંગલમય આત્મધર્મ જાણનાર હે ચેતન! તું પ્રમાદ ન કરતો. શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયાની ઉપાસના–આરાધના કરી તારો મંગલ માર્ગ વિઘ્નરહિત કરજે.

ચારિત્ર વિનાના જ્ઞાનીને વળી કહે છે—

सुबहुंपि सुयमहियं किं काहिती चरणविप्पहुणस्स ।
अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडीऽवि ॥

ભાવાર્થ—બહુ જ સારી રીતે ઘણું જ્ઞાન ભણ્યો હોય પણ ચારિત્ર રહિતનું તે જ્ઞાન અજ્ઞાનરૂપ જ છે; જેમ કે આંધળા મનુષ્યની સામે ગમે તેવા તેજસ્વી હજારો દીવા–કરોડો દીવા નકામા છે તેમ ચારિત્ર રહિત જ્ઞાનીનું જ્ઞાન પણ તેને કાંઇ લાભપ્રદ થતું નથી.

અર્થાત્ સાચો આત્મજ્ઞાની કદીયે ફળ રહિત હોતો જ નથી અને "ज्ञानस्य फलं विरतिः" કહ્યું છે, માટે જ્ઞાનને સફલ કરવું હોય તો વિરતિ–સંયમ, તપ વગેરે જોઇશે જ.

વળી પણ કહ્યું છે કે—

"આંધળા પાસે જેમ દીવા નકામા છે તેમ ચારિત્ર રહિત જ્ઞાનીનું જ્ઞાન અજ્ઞાનરૂપ છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## શ્રી તાલધ્વજગિરિ તથા ભાવનગર નૂતન જિનમંદિરે, દેરીઓનો પ્રતિષ્ઠા મહોત્સવ અને અભિનંદનના મેળાવડા.

૧ પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના ઉપદેશાનુસાર શ્રી તળાજા તીર્થે પરમાત્મા શ્રી સુમતિનાથ ભગવાનના મુખ્ય મંદિર ફરતી તૈયાર થયેલ બાવન જિનાલયમાં ૩૩ દેરીઓ એક મંદિર નવી તૈયાર થતાં વૈશાક શુદ ૫ શુક્રવારના રોજ પ્રતિષ્ઠા દિવસ નક્કી થતાં ત્યાંની તીર્થકમીટીની વિનંતિથી કૃપાળુ આચાર્યદેવ શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ પધારતાં તેઓશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠા થઇ હતી. ચૈત્ર વદી ૧૦ ના રોજ કુંભસ્થાપના, બિંબપ્રવેશ, અઠ્ઠાઇમહોત્સવ અને સ્વામીવાત્સલ્ય શરૂ થયા હતા. ડુંગર ઉપર અને ધર્મશાળા સામે સુશોભિત મંડપ, બંને સ્થળે ઇલેક્ટ્રીક લાઇટ અને નદીને સામા કાંઠે પ્રતિષ્ઠામાં ભાગ લેવા આવનાર બંધુઓ માટે સમીયાણા, તંબુ વગેરે નંખાયા હતા. દશ દિવસની વીશ નવકારશી જમણુ સાથે જ હતું. હજારોની સંખ્યામાં પ્રતિષ્ઠાનો લાભ લેવા જૈન બંધુઓ વગેરેની દરરોજ સંખ્યા વધતી જતી હતી. તમામ પ્રકારની ક્રિયાઓ શુદ્ધ અને વિધિવિધાન પૂર્વક થતી હતી. સામેના મુખ્ય મંદિરનો ખર્ચ શેઠ મોહનલાલભાઇ તારાચંદે આપ્યો હતો અને મૂળનાયક પરમાત્મા શ્રી મહાવીર પ્રભુની પ્રતિમા સાથે અન્ય બિંબોની પ્રતિષ્ઠા તેમના તરફથી તેમજ બીજી ૩૩ દેરીઓમાં જુદા જુદા પરમાત્માના જિનબિંબોની પ્રતિષ્ઠા ભાવનગર, મુંબઇ, ખંભાત વગેરે શહેરોના શ્રીમંત શ્રદ્ધાળુ બંધુઓના તરફથી દેરીનો ખર્ચ આપવાથી કરવામાં આવી હતી. તળાજા તીર્થકમીટી તળાજા શ્રી સંઘ અને સ્વયંસેવકોએ સારી વ્યવસ્થા રાખી હતી જે ધન્યવાદને પાત્ર છે. વૈશાખ શુદ ૪

---

અહીં જ્ઞાનનું મહત્વ લગારે અલ્પ કે ઓછું છે તેમ માનવાની જરૂર નથી જ. જ્ઞાન તે સૂર્યરૂપ છે; જગદીપક છે ! અરે ! જગત નેત્રરૂપ છે પરન્તુ આ અદ્દભૂત શક્તિસંપન્ન જ્ઞાન પણ ચારિત્ર, સંયમ. તપથી જ શોભે છે, તે જ ફળવાળું છે.

આંખોવાળાને દીવાથી માર્ગ બોધરૂપ ક્રિયા થાય છે તેમ ચારિત્રવાળાને થોડું પણ જ્ઞાન, ક્રિયારૂપ ફળથી શોભે છે.

વળી કહે છે

ચારિત્ર રહિતનું જ્ઞાન સર્વથા નિષ્ફળ છે એમ ન માનશો, પણ તે પઠન, ચિંતવન, મનનના કલેશરૂપ થાય છે

ચારિત્રહીન જ્ઞાનથી કેવા છે તે વાંચો—

**जहा खरो चंदण भारवाही, भारस्स भागी न हु चंदणस्स ।**
**एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सोग्गईए ॥**

ચંદનનો ભાર ઉપાડેલો ગધેડો માત્ર ભારનો ભાગી કિન્તુ ચંદનની સુગન્ધીનો ભાગીદાર નથી થઇ શકતો નથી તેવી જ રીતે ચારિત્ર રહિત જ્ઞાની માત્ર જ્ઞાનપ્રાપ્તિનો ભાગીદાર છે. ભણવું, ગણવું, ચિંતવવું એના કષ્ટનો ભોક્તા બને છે કિન્તુ સદ્દગતિ દેવ–મનુષ્ય યાવત્ સિદ્ધિગતિનો ભાગી નથી થતો.

માટે ભાઇ આત્મજ્ઞાની ચેતજે–જાગજે, આત્મધર્મ જાણ્યા છતાં તું ક્રિયા શુદ્ધ ક્રિયારૂપ સંયમ–તપને ભૂલતો નહિં. આત્મા અક્રિય કે નિષ્ક્રિય બનતો જ નથી. મુક્તિરૂપી મંદિરમાં જવા માટે જ્ઞાનરૂપી દીપક સંયમરૂપી નિસરણી જરૂર જોઇશે જ અને આખર તો દર્શન–જ્ઞાન–ચારિત્ર એ તો આત્માની સ્વભાવ દશા છે–આત્માના સ્વગુણો છે.

આત્મધર્મપ્રકાશ પામી ચેતન ચેતજે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના રોજ ગોહિલવાડ ડીસ્ટ્રીક્ટ અને સેશન જજ ન્યાયમૂર્તિ મહેરબાન વસંતલાલભાઈ વલ્લભદાસના પ્રમુખપણા નીચે તળાજા સંઘ તરફથી શેઠ મોહનલાલભાઇ તારાચંદને અને વૈશાક શુદ ૫ શુક્રવારના રોજ ભાવનગરના નામદાર મહારાજા સાહેબ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબના પ્રમુખપણા નીચે તીર્થ-કમીટીના પ્રમુખ દાનવીર શેઠ ભોગીલાલભાઈ મગનલાલને તળાજા મહાજન તરફથી માનપત્ર ( રૂપાનો ડુંગરનો કાસ્કેટ બનાવી ) આપવામાં આવ્યું હતું. અષ્ટોત્તરી સ્નાત્ર પણ ભણાવાયું હતું.

૨ શહેર ભાવનગર કૃષ્ણનગરમાં મુખ્ય જિનાલયની જરૂર હતી, જ્યાં શેઠ મણિલાલ નારણજીએ પોતાના ખર્ચે સુંદર જિનાલય બંધાવ્યું હતું, જેમાં મૂળનાયક શ્રી મહાવીર પરમાત્માની પ્રાચીન પ્રતિમાવડે વૈશાક શુદ ૭ બુધવારના રોજ આચાર્યદેવશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં બહુ જ ધામધૂમ, ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક શેઠ મણિલાલ નારણજીએ પ્રતિષ્ઠા કરી હતી. અટ્ઠાઈમહોત્સવ, પૂજા, અંગરચના વગેરે આઠે દિવસ પ્રતિષ્ઠાના વિધિવિધાન સાથે થયા હતા. પ્રતિષ્ઠાને દિવસે અષ્ટોત્તરી સ્નાત્ર અને સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. મણિલાલભાઈએ અઠ્ઠમ તપ પણ કર્યો હતો. અમો તેમને ધન્યવાદ આપવા સાથે તેમની અનુમોદના કરીએ છીયે. કૃષ્ણનગરના જૈન બંધુઓ મણિલાલ શેઠની આ પ્રભુભક્તિ માટે માનપત્ર આપવાના છે.

# સ્વીકાર સમાલોચના

૧. **શ્રી મહિરાજ કૃત નલદવદંતી રાસ**—કોઈ પણ પ્રાચીન સાહિત્ય માટે ગ્રંથકર્તાના હસ્તાક્ષરોથી લખાયેલી પ્રત મળે તે સાહિત્ય માટે સત્ય ઘટના કહી શકાય. ભારતના અનેક જૈન જ્ઞાન-ભંડારોમાં અનેક વિદ્વાન આચાર્યો મુનિવરોના હસ્તાક્ષરે લખાયેલી પ્રતો મળી શકે તેમ છે. આ હસ્તા-ક્ષરથી લખાયેલ ગ્રંથના સંપાદક જાણીતા સંશોધક સાહિત્યકાર અને સાક્ષરરત્ન શ્રીયુત ડૉ. ભોગી-લાલભાઈ જે સાંડેસરા PH. D. એમ. એ. છે. સંવત ૧૬૪૧ની સાલમાં શ્રી મહીરાજની આ કૃતિ પોતાના હસ્તાક્ષરે લખેલી પ્રત ઉપરથી સંપાદક મહાશયે વિસ્તૃત શબ્દકોષ સાથે શ્રી વડોદરા યુનિવરસીટી તરફથી પ્રસિદ્ધ થતી પ્રાચીન ગુજરાતી ગ્રંથમાળાના બીજા મણકા તરીકે પ્રગટ થયેલ છે, જેમાં તે લખેલી પ્રતના બ્લોકો પણ આપવામાં આવ્યા છે. અસલ પ્રતને સંશોધન કરી પ્રકટ કરેલ છે. આ કૃતિના પ્રકાશનના પ્રયોજન તરીકે પ્રસ્તાવના પણ ખાસ વાંચવા જેવી છે. વડોદરા યુનિવરસીટી દ્વારા થતો આ પ્રયત્ન ઐતિહાસિક સાહિત્યની વૃદ્ધિ થયેલ છે તેમ માનીએ છીએ. કિંમત **સવાચાર રૂપિયા.**

૨. **મુનિવર શ્રીચંદ્રવિજયજીકૃત શાંતિશ્લોક**-ટીકા તથા **અજ્ઞાતકર્તૃક-અન્યમતદૂષણમ્** સંશોધન તથા સંપાદક **મુનિવર શ્રી વિક્રમવિજયજી** મહારાજ. પરમાત્માનું ચૈત્યવંદન કરતાં સકલ-કુશલવલ્લી એ પદથી શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ શરૂઆતમાં બોલીએ છીએ, તેના ઉપર આ લઘુ ટીકા છે કે જે કે પ્રાથમિક અભ્યાસીઓ માટે ઉપયોગી જણાતાં સંપાદક મુનિરાજે તૈયાર કરેલી છે. સંસ્કૃત ભાષાના પદચ્છેદ, સમાવેશ વગેરે આ લઘુ ટીકામાં લેખક મુનિવરે કરેલ છે, બીજો અન્યમતદૂષણ ગ્રંથમાં બૌદ્ધ, વૈશેષિક, સાંખ્ય, મિમાંસક વગેરે દર્શનોમાં તેમના પોતાના પરસ્પર વિરુદ્ધ વચનોદ્વારા દૂષણ આપી જૈન દર્શનના પ્રણેતાનું બહુ જ સંક્ષિપ્તમાં સર્વજ્ઞપણું સિદ્ધ કર્યું છે. સાહિત્યની દૃષ્ટિએ બંને લઘુ ગ્રંથ ઉપયોગી છે. શ્રી લબ્ધિસૂરીશ્વર ગ્રંથમાળાના પુષ્પ તરીકે આ ગ્રંથ છાણીથી પ્રગટ થયેલો છે.

**શ્રી માતર તીર્થનો ઈતિહાસ**—પ્રકાશક શ્રી માતર સાચાદેવ તીર્થકમીટીની વતી જીવણલાલ છોટાલાલ ઝવેરી. કિંમત ચાર આના. આ લઘુપુસ્તિકામાં શ્રી સાચાદેવ શ્રી **સુમતિનાથ** ભગવાનની પ્રતિમાની ઉત્પત્તિ, વિકાસ અને જીર્ણોદ્ધાર સંબંધી વર્ણન આપવામાં આવ્યું છે. વાંચવા જેવી ઐતિ-હાસિક બીના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસો ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત પ્રથમ શ્રાવક ભીમસિંહ માણેકે છપાવેલ તે મળતો નહોતો, જેની માત્ર પચીશ કોપી અમારી પાસે રહેલ છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા. નમ્ર સુચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

૨ **સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય—અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. ( પ્રથમ ભીમસીંહ માણેકે છપાવેલી તે જ ) હાલમાં તે મળી શક્તિ નહોતી અમારી પાસે માત્ર પચીશ કોપી આવી છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છે કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું મૂળ કિં. આપવાની છે. )

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

## ૧. શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

અનેક રંગના વિવિધ અવસ્થાના ફોટાઓ, સુંદર બાઇડીંગ કવર જેકેટ સાથે પુણ્યવંત મનુષ્યોનું ઉચ્ચ કોટીનું જીવન કેવું સુંદર હોય છે, તેનો સુંદર નમુનો આ ચરિત્રમાં છે.

શ્રી શ્રેયાંસનાથ ભગવાનના આગલા ત્રીજા ભવમાં તેઓશ્રી ભુવનભાનુ રાજાના સુપુત્ર શ્રી **નલિનીગુલ્મ** નામે રાજપુત્ર હતા. ભુવનભાનુ રાજા અને નલિનીગુલ્મ રાજપુત્ર બંને જ્યારે કોઇ અવનવા આશ્ચર્ય સાથે આનંદ ઉત્પન્ન કરે તેવા પ્રસંગે રાજધાની છોડી અનેક શહેરો, જંગલો, ઉદ્યાનો-વનો ઉપવનોમાં પરિભ્રમણ કરતાં તે બંને મહાન પુરુષની ધર્મભાવના, પરોપકારપણું, દેવ ભક્તિ, નમસ્કાર મહામંત્રની અખૂટ શ્રદ્ધા અને પૂર્વના પુણ્યોદયવડે વૈભવ, સંપત્તિ, સુખો, સુંદર આદર્શ સ્ત્રીરત્નોની પ્રાપ્તિ વિઘ્નો, અને સંકટ વખતની ધૈર્યતા, અને રાજનીતિ તે વખતની સામાજિક નીતિ ન્યાયનીતિ, શહેર, ઉદ્યાનોના વર્ણનો, ધર્મગુરુઓની દેશનાઓના લાભો વગેરે આ ચરિત્ર સંપૂર્ણ વાંચતા આત્મિક આનંદ, અનુકરણીય સુંદરપ્રસંગો પ્રાપ્ત થાય છે.

---

## ૨. " જ્ઞાનપ્રદીપ ગ્રંથ " ( ભાગ ત્રીજો ).

દરેક મનુષ્યને-અલ્પજ્ઞને પણ સરલ રીતે સમજી શકાય અને ઉચ્ચ જીવન કેમ જીવાય, જીવનમાં આવતાં સુખ દુઃખના પ્રસંગોએ કેવી પ્રવૃત્તિ આદરવી, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે ભોમીયારૂપ આ ગ્રંથમાં આવેલા વિવિધ તેર વિષયો છે. જે ગ્રંથો માટે જૈન જૈનેતર મનુષ્યોએ પ્રશંસા કરેલ છે. પુષ્પમાળારૂપે વિદ્વાન આચાર્ય મહારાજ વિજયકસ્તુરસૂરિમહારાજે સાદી અને સરલ ભાષામાં રચેલો છે. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું. થોડી નકલો સિલિકે છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ, સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણે રૂપીઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. **સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે.** જેમાંથી પેટ્રન થનારને છેલા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| | જૈન મતકા સ્વરૂપ | ભેટ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

સં. ૨૦૧૦ માં આપવાના ભેટના પુસ્તકો તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રનપદ અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

એકાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તે વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ
તા. ૧૩-૧-૫૩
૨૦૦૯ પોસ વદ ૧૩

**શ્રી જૈન આત્માનંદ સભા.**
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only